**<u>આંક– ૧ લગત હુકમ.</u>**

(૧) હાલના કેસમાં તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસના અંતે બી.એન.એસ.એસ.– ૧૯૩ અન્વયે આરોપી વિરુધ્ધ બી.એન.એસ.– ૨૮૧ મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) સદર કેસનુ રેકર્ડ ધ્યાને લેતા ૨૦૨૬ ની સાલથી આરોપીને અદાલત સમક્ષ ફરીયાદ પક્ષ હાજર રખાવી શકેલ નથી અને ચાર્જશીટ તથા રેકર્ડ ધ્યાને લેતા આરોપી મુળ રહેવાસી જી. દાહોદ નો હોઇ તેમ છતા ફરીયાદ પક્ષ આરોપીની હાજરી સુરક્ષિત કરી શકેલ નથી. સદરહુ કેસમાં વારંવાર પ્રોસેસ કરતાં આરોપી ખાત્રી તપાસ કરતા મળી આવેલ નથી એવા શેરા સાથે પ્રોસેસ વગર બજે અત્રેની કોર્ટમા પરત મળેલ છે.

(૩) આ કામના આરોપી સામેના ગુનાનો આરોપ ધ્યાને લેતા ગુનો સમંસ ટ્રાયબલ પ્રકારના ગુનાનો આરોપ છે અને પોલીસ ચાર્જશીટ આધારે દાખલ કરવામા આવેલ છે. આ અદાલત દ્વારા ફરીયાદ પક્ષને આરોપી કોર્ટ સમક્ષ હાજર રખાવવા સારુ પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ છે તેમ છતા ફરીયાદ પક્ષ સદરહુ કેસના આરોપીને હાજર રખાવવામાં સદતંર નિષ્ફળ ગયેલ છે તેવુ રેકર્ડ જોતા જણાઇ આવે છે તથા સદરહુ કેસ જુના સી.આર.પી.સી. કલમ – ૨૫૮ તથા નવા બી.એન.એસ.એસ.– ૨૮૧ ના વ્યાપમાં આવતો હોઇ તેવું જણાઇ આવે છે.

**(૪) રંજન દ્રીવેદી વિરુધ્ધ સી. બી.આઇ., AIR** 2021 **SC** 3217 **ના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, The Criminal ourts should exercise their available powers, such as those under** sec 309,311,258 of the code of criminal procedure to effectuate the right of speedy trial. A watchful and diligent trial judge can prove to a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the high court under section 482 Crpc and Articles 226 & 227 of the constitution can be invoked **seeking appropriate relief or suitable directions**.

**મુલચંદ મોતીલાલ રાકા વિરુધ્ધ સ્ટેટ ઓફ માહારાષ્ટ્રા,**1996 **Crimes** 177, **નામ. બોમ્બે હાઇ કોર્ટ પ્રસ્થાપિત કરેલ છે કે,Section** 258 **of the code which empowers to stop the proceedings in certain cases is intended** to meet with certain situations, where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter adopting normal procedure contemplated by the code for one reason or other such as herein above stated, in such situation it would be open to Magistrate to stop further proceedings of the case. Section 258 of the code can be resorted to where the special or unusual circumstances exist, such as non–appearance of the accused before the court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner, as per procedure under the code, the provisions of Section 258 of the can be resorted to.

**(૫)** હાલના કેસનુ રેકર્ડ જોતા તથા કેસની હકીકત જોતા તથા ઉપરોકત ચુકાદાઓમાં કરવામા આવેલા અવલોકનો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ હાલના કેસના આરોપીને ચાર્જશીટ દાખલ કરી ત્યારથી આજ દિન સુધી હાજર રખાવી શકેલ ન હોવાથી હાલના કેસાના આરોપી વિરુધ્ધના ગુનાની સજાની જોગવાઈ તથા ગુનો પ્રકાર ધ્યાને લેતા કેસને વધુ સમય સુધી પેન્ડીંગ રાખવુ ન્યાયોચિત જણાઈ આવતુ હોઈ તથા બી.એન.એસ.એસ.– ૨૮૧ અન્વયે હાલના કેસના આરોપી વિરૂધ્ધની કાર્યવાહી સ્થગીત કરી આરોપીને બિનતહોમત ગણી તેમની સામેનો કેસ ફેસલ ગણી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>આખરી હુકમ</u> :–**

આ કામે બી.એન.એસ.એસ.– ૨૮૧ અન્વયે આરોપી સામેની કાર્યવાહી સ્થગીત કરવાનો હુકમ કરવામાં આવે છે અને ઉપરોકત હકીકતોએ સદરહુ કેસ ફેસલ કરવામાં આવે છે.

વધુમાં, હાલનો કેસ બી.એન.એસ.એસ.– ૨૮૧ અન્વયે આરોપી ન મળી આવવાના કારણસર હાલના કેસની કાર્યવાહી સ્થગીત કરવામાં આવેલ હોવાથી જ્યારે પણ હાલના કેસના આરોપી મળી આવે ત્યારે ફરીયાદ પક્ષ હાલનો કેસ ઓપન કરાવી શકશે અને ફરીયાદ પક્ષને બી.એન.એસ.એસ.– ૩૩૭ (૫) નો બાધ આવશે નહી.

વધુમાં, હાલનો કેસ બી.એન.એસ.એસ.– ૨૮૧ અન્વયે કાર્યવાહી સ્થગીત કરવાનો હુકમ કરેલ હોઈ હાલના તબકકે મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.–૧૧ મી, માહે– જુલાઈ , સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલત/ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ– ૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળઃ – દેવગઢ બારીઆ.**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**